કાન્તિ ભટ્ટ

## પ્યોર સેક્સ પ્યોર લવની વાત દંભી દુનિયા પચાવશે ?

It is relatively easy to achieve heightened Consciousness through the body through sex or other forms of physical relief. It is easy to achieve it through emotion.

- Collin Wiison

આપણે જે કરી શકતા નથી કે કહી શકતા નથી તેનો સંતોષ ફિલ્મમાંથી,કવિતામાંથી,ગીતોમાંથી કે લેખોમાંથી લઇએ છીએ. 'હોઠ રસીલે તેરે હોઠ રસીલે દિલ કહેતા હૈ મેરે છેલછબીલે' ગીત ગુજરાતી કન્યા બધાની દેખતા ગાઇ શકતી નથી. એ હાલતમાં 'પ્યોર સેક્સ કે પ્યોર લવની' વાત કરવી જોખમી છે. ઓગસ્ટ ૨૦૦૯માં આઇબીએન નામની ચેનલે સેક્સ અંગેના સર્વેમાં તારણ કાઢ્યું કે લગ્ન પહેલાં અખંડ કૌમાર્ય જરૂરી છે તેવું ૬૭ ટકા યુવતી માનતી નથી, ઉપરાંત ૫૦ ટકા કૉલેજની યુવતીઓએ કહ્યું કે વેવિશાળ પહેલાં-લગ્ન પહેલાં વર્જિનિટી ટેસ્ટ અખંડ-કૌમાર્યનો ટેસ્ટ અમે સ્વીકારીશું નહીં. તાત્પર્ય કે કુંવારી અવસ્થામાં આજે ૫૦થી ૬૭ ટકા યુવતીઓ સેક્સ ભોગવવામાં સંકોચ રાખતી નથી.

આ ઉપરાંત અમેરિકા અને બ્રિટનમાં આજે લગ્ન કર્યા વગર જ સાથે રહેવાનો ટ્રેન્ડ વધતો જાય છે, એટલું જ નહીં પણ કુંવારી -માતા બનવાનો નાદ વધ્યો છે. સેક્સ માણવું છે, માતા બનવું છે પણ પતિનો બોજ નહીં ખપે. ૧૯૮૮માં ફિલ્મસ્ટાર નીના ગુપ્તાએ કુંવારી માતા થવાનું પસંદ કર્યું ત્યારે હો-હા થઇ ગયેલી પરંતુ મુંવારી માતા થવું કે કૌમાર્યનું ખંડન થવા દેવું એ ૨૧મી સદીની વાત નથી. ઝવેરચંદ મેઘાણીની અને બીજી વાર્તાઓમાં 'હરામના હમેલ'ના કિસ્સા છપાયા છે. ગામડામાં કુંવારી છોકરીને ગર્ભ રહે તેને હરામના હમેલ કહે છે.. પરંતુ આ લેખના મથાળામાંપ્યોર સેક્સ અને પ્યોર લવ જેવા રસગુલ્લા જેવા શબ્દો છે તે ટાંકવાનું શું પ્રયોજન છે ? વળી લગ્ન વગર મા બનવાની વાત રાખી સાવંતે ૧૧-૦૮-૦૯ના કરેલી તો શું તે કાંઇ બહુ નવીનવાઇની વાત છે ?

સૌપ્રથમ તો પ્યોર સેક્સ કે પ્યોર લવ શબ્દો અમેરિકામાં ડૉ. ક્રિસ્ટાઇન બી. વ્હીલાએ શોધી કાઢ્યા છે અને ચોંકાવનારું પ્રતિપાદન કર્યું છે કે ૧૯ કે ૨૧ની ઉંમરે અગર તો પરણ્યા પછી લગ્નબહારના આડા સંબંધમાં જ પ્યોર લવ હોય છે અને તે રીતે સેક્સ પણ સૌથી શુદ્ધ હોય છે. સેક્સ વગરનો પ્રેમ શુષ્ક છે. ડૉ. ક્રિસ્ટાઇન કહે છે કે અમેરિકાના સેન્ટર ફોર ડિસિસ કંટ્રોલનાં આંકડા પ્રમાણે હવે અમેરિકામાં કુંવારી હાલતમાં સેક્સ કરાવીને-લગ્નના ઇરાદા વગર કુંવારી માતા બનવાનું વધતું જાય છે. સેન્ટર ફોર ડિસિસ કંટ્રોલના વક્તા પણ ડૉ. ક્રિસ્ટાઇનના મતમાં સૂર પુરાવે છે કે આ કોઇ ખરાબ સમાચાર નથી. પ્રથમ પ્રેમ પ્રથમ સેક્સ હોય છે તે જ અત્યંત પ્યોર હોય છે. એ સેક્સ અને પ્રેમની શુદ્ધતા બીજા રાબેતા મુજબના લગ્ન પછીના સેક્સમાં હોતી નથી. 'હાઉ ટુ હેવ ગ્રેટ સેક્સ' નામના એક પ્રકરણમાં ડૉ. જ્હોન વાન એપે કહ્યું છે કે વિશ્વાસ રાખો કે સેક્સ ઈઝ મોર ધેન એ ફિઝિકલ અર્થાત્ સેક્સમાં માત્ર શરીર જ મળતાં નથી. તમે તમારી જાતને શરીરથી અલગ કરી શકતા નથી. પરંતુ ડૉ. જ્હોન વાનની આ વાત આગળ કરીને પુરુષ તરીકે તમે કોઇ યુવતીને પ્રેમને નામે સેક્સમાં દોરી શકો નહીં. તમે જ્યારે મક્કમ મન સાથે અને પરપઝફુલ લાઈફ જીવવા માટે અમુક સ્ત્રી કે પુરુષને પસંદ કરી તેવા જીવનનાં પેશનને પૂરો કરવા પ્રેમ થતાં સેકસ કરો તો જ વાજબી છે. અમેરિકાના સેન્ટરે બહાર પાડેલા આંકડા મુજબ ડૉ. ક્રિસ્ટાઇન કહે છે અમેરિકામાં ૨૦૦૫માં ૩૭ ટકા જન્મ કુંવારી માતાએ કરાવેલા પણ એક મેડિકલ સત્ય એ આવ્યું કે ૨૦ વર્ષ નીચેની છોકરીઓ લગ્ન કરે પછી ગર્ભવતી બનવાનું પ્રમાણ સતત ઘટતું જાય છે પણ ૨૦ વર્ષથી ૪૪ વર્ષની સ્ત્રીઓ લગ્ન કર્તા વગર બાળકો જન્માવે છે તે સંખ્યા વધતી જાય છે. ડૉ. ક્રિસ્ટાઈન કહેવા માગે છે કે કુંવારી અવસ્થામાં જે સેક્સ કે પ્રેમ થાય એ અતિ શુદ્ધ અને ચોટડુંક હોઇને સ્ત્રીની ફળદ્રુપતા ત્યારે ટોચે જાય છે. માત્ર હિલિવૂડમાં જ આ ટ્રેન્ડ નથી. અમેરિકન અને બ્રિટિશ સમાજમાં આ ટ્રેન્ડ વધી રહ્યો છે. આજે અમેરિકાના ૧૭ લાખ યુગલો પરણ્યા વગર બાળકો પેદા કરીને સાથે રહે છે. હા એ સાચું કે તેમનાં લગ્ન સ્થિર હોતાં નથી તે જુદી વાત છે. પ્યોર લવ અને પ્યોર સેક્સ આવા જ લગ્નનાં બંધન વગરનાં સંબંધમાં હોય છે. બાકી લગ્નવાળાં યુગલો સંબંધો વેંઢારે છે અને પ્યોર લવ કે પ્યોર સેક્સ પછી લગ્નબહાર ઢૂંઢે છે. આ ટ્રેન્ડ ૨૧મી સદીમાં વધતો જાય છે.

પહેલાં માત્ર ધનિકો કે સેલિબ્રિટીઓની દીકરીઓ કુંવારી માતા થતી પણ હવે એવું રહ્યું નથી. કેટલાક સેલિબ્રિટીઓના દાખલા જોઇએ. તમે મેરી ક્યુરીનું નામ જાણો છો. તેણે તેના પતિ સાથે ૧૯૦૩માં રેડિયેશન શોધી કાઢ્યું તે બદલ નોબેલ પારિતોષિક મળ્યું ત્યારથી આપણને એક્સ-રેના યંત્રો મેળ્યા છે. ૧૯૧૧મા ફરીવાર મેરી ક્યુરીને કેમિસ્ટ્રીનું નોબેલપ્રાઇઝ મળ્યું.૧૮-૪-૧૯૦૬માં મેરીના પતિ પિયરેનું મોત એક અકસ્માતમાં થયેલું. મેરી ક્યુરીને તેનાથી ડિપ્રેશન અને કિડનીની તકલીફને કાણે હોસ્પિટલમાં રહેવું પડ્યું. પતિના મોત થકી મેરી અસ્તવ્યસ્ત થઇ ગઇ પણ પછી તેણે તેનું કેમિસ્ટ્રીનું સંશોધન ચાલું રાખ્યું. આ સંશોધન દરમ્યાન મેરી ખૂબ ઉજાગરા કરતી. સાવ લોથ થઇ જાય ત્યાં સુધી તે લેબોરેટરીમાં કામ કરતી. તે સમયે તેને ડૉ. પોલ લેગેવીન નામના તેના જ એક વિદ્યાર્થી સાથે પ્રેમ થયો. મેરી કહે છે કે મારો આ ભૂતપૂર્વ વિદ્યાર્થી પરણેલો હતો પણ લેબોરેટરીમાં મને તેના તરફથી પ્રેમ મળતો. અને પછી સેક્સ ભોગવતા તે પ્રેમ અને સેક્સ એકદમ પ્યોર હતા. તેમાં જ રોમાંચકતા હતી. તે મેં લગ્નમાં પિયરે સાથે કદી અનુભવી નહોતી.

'મૃત્યુ મરી ગયું રેલોલ'નામની નવલમાં ઉષા મહેતાએ ઘણી કુંવારી માતા વિશે લખેલું. મુંબઇના આશ્રમમાં ૨૦ વર્ષ પહેલાં કુંવારી ગર્ભવતીને આશરો મળતો તેમાં સગા કાકા કે મામા કે કાકાનો દીકરો ૧૬ વર્ષની કન્યાને ગર્ભવતી બનાવતો ત્યારે ગર્ભપાત કાનૂની નહોતો ત્યારે સંખ્યાબંધ કુંવારી માતા આશ્રમમાં આવતી. થોડાં વર્ષ પહેલાં 'ડોન્ટ મુવ'નામની નવલકથા માર્ગરેટ નામની ઈટાલિયન લેખિકાએ લખેલી તેની ૧૦ લાખથી વધુ નકલો વેચાઇ હતી. તેની વાર્તા માર્ગરેટે સાચી કથા પરથી લખેલી. 'ડોન્ટ મુવ' ઉપરથી ફિલ્મ બનેલી તેને ઓસ્કાર એવોર્ડ માટે પસંદ કરાયેલી.

લીન યુટાંગ નામના ચીની પ્રોફેસરે કહેલું, 'સાચો પ્રવાસી એ છે જે જાણતો નથી તે ક્યાં જાય છે ?' આવું જ પ્રેમ અને સેક્સ બાબતમાં છે. એ પ્યોર સેક્સમાં સરકી પડનારા બિલકુલ પરવાહ કરતા નથી કે તે શું કરે છે ? પ્યોર લવ કે પ્યોરસેક્સ કે કુંવારીઓનાં લગ્ન પહેલાંના સેક્સની વાતો વાંચવામાં સૌને મજા આવે છે. ૧૯૫૬માં જે વાચકો યુવાન હતા તેમણે 'પિટુન પ્લેસ'ની નવલકથા વાંચી હશે અગર તેના ઉપરથી બનેલી ફિલ્મ જોઇ હશે. આ વાર્તા ગ્રેસ મેટાલિયસ નામની એક અમેરિકન સ્ત્રીએ લખેલી. એમ કહેવાય છે કે આ ફિલ્મે જ અમેરિકામાં ૧૯૫૬માં કુંવારીઓને પ્રેમમાં પડીને લગ્ન વગર ગર્ભવતી થવાની ચાનક ચડાવી. એ સમયનું અમેરિકા દંભી હતું. વાર્તાની લેખિકા ગ્રેસ મેટેલિયસ પણ ૩૨ વર્ષની ઉંમરે એકલી હતી. તેનો પતિ તેને છોડી ગયેલો. ગરીબી એટલી બધી આવી પડી કે તેની દીકરીઓ માત્ર સલાડ પર જીવતી હતી. એ હાલતમાં તેણે પિટુન પ્લેસ નામની નવલકથા લખી. પણ કુંવારીઓનાં સેક્સની ઘટના તંત્રીઓના ગળે ન ઊતરી. ૫૩ વર્ષ પહેલાંનો અમેરિકન સમાજ આ વાત સહન કરવા તૈયાર નહોતો. આખરે એક પ્રકાશક પિટુન પ્લેસ પ્રગટ કરવા તૈયાર થયો. અનેપ્રગટ થતાંની સાથે ૬૦૦૦૦ નકલો ૧૦ દિવસમાં ખપી ગઇ. આમાં કુંવારીના સેક્સની વાત વાર્તા માટે નવી નહોતી. વિલિયમ સેક્સપિયર, બેન્જામીન ફ્રેંકલિન, એલેકઝાન્ડર ડુમા, લિયો ટોલસ્ટોય, ફયોદર દોસ્તોવસ્કી એ તમામે હરામના હમેલની વાર્તાઓ લખેલી પણ અમેરિકામાં તો લોકો પિટુન પ્લેસ ઉપરથી બનેટી ટીવી સિરિયલ દર સપ્તાહે લગભગ ૬ કરોડ લોકોએ સતત પાંચ વર્ષ સુધી જોઇ. તેના ઉપરથી પછી ફિલ્મ બની. તેણે પણ જબરો વકરો કર્યો. ગર્ભનિરોધક પીલ્સ અને ગર્ભપાત તો મોડે મોડે આવ્યા પણ ત્યાં સુધી કૌમાર્ય તોડાવવું એ જબરું સાહસ હતું.

હોલિવૂડની કેથેરિન ડેનવુ, લોરેટા યંગ લગ્નવગર કુંવારી માતા બનેલી.હોલિવૂડની અભિનેત્રીની માનસિકતા મોડે મોડે હવે બોલિવૂડની રાખી સાવંત સુધી આવી છે. વિજય આનંદને તેની ભાણેજ સથે પ્રેમ થયેલો. તે છેલ્લે મરતાં પહેલાં મારે ઘરે આવેલા ત્યારે તેમણે પ્યોર લવ અને પ્યોર સેક્સની વાત કરેલી. જગવિખ્યાત કવયિત્રી માયા એન્જેલુ એક છૂટાછેડાવાળી માતાને પેટે જન્મેલી. આઢની ઉંમરે કાઠું કાઢી ગયેલી. તેની માતાના એક મિત્રે માયા એન્જેલુ પર બળાત્કાર કર્યો. મોટી થતાં માયા તેને પરણવા માગતી હતી પણ તેને ખબર પડી કે તેના પર રેપ કરનાર અકસ્માતમાં મરી ગયો છે. એ પછી અનેક નાનાં મોટાં કામ કરીને તે કવિતા લખતી થઇ અને ૧૬ની ઉંમરે લગ્ન કર્યા વગર ગર્ભવતી થઇ. સાહિત્યનું પુલિત્ઝર પ્રાઇઝ મેળવનારી માયા એન્જેલુએ પણ કબૂલ કર્યું કે કુંવારી અવસ્થાનો પ્રેમ અને સેક્સ પ્યોર હોય છે પરંતુ રોમેન્ટિક સેકસુઅલ પ્રેમ પછી જે લગ્ન થાય છે તે ટકતાં નથી. તેમણે કહ્યું, 'સમાજ પ્રેમ અને અનરોમેન્ટિક સંબંધવાળા લગ્નથી જ ચાલે છે. લગ્ન પછી તમે પાછા પ્યોર પ્રેમ અને પ્યોર સેક્સ બંધન વગરનો રોમાન્સ લઇ શકો છો.'